Language Code : **06**

इस पुस्तिका में **16** मुद्रित पृष्ठ हैं।
This booklet contains **16** Printed pages.

# JSS-24-I

**प्रश्न-पत्र-I / PAPER-I**

**गुजराती भाषा परिशिष्ट**

**Gujarati Language Supplement**

**भाग-IV & V / PART-IV & V**

**मुख्य परीक्षा पुस्तिका संख्या / Main Test Booklet No.**

**मुख्य परीक्षा पुस्तिका कोड / Main Test Booklet Code**

# A

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 15 व 16) पर दिए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page 15 & 16) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें। / FOR INSTRUCTIONS IN GUJARATI SEE PAGE 2 OF THIS BOOKLET.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **A**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा-I (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा-II (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं। **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा-I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

## INSTRUCTIONS FOR CANDIDATES

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page/ marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **A**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language-I (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language-II (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part-V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :

अनुक्रमांक : (अंकों में) / Roll Number : in figures ____________________
: शब्दों में / in words ____________________

परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :

परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________
Candidate's Signature : Invigilator's Signature :

Facsimile Signature Stamp of
Centre Superintendent : ____________________

Language Code : **06**

# JSS-24-I

પરીક્ષા પુસ્તિકા સંકેત

**A**

આ પુસ્તિકામાં 16 પાનાં છે.

**પેપર-I**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં ( 15 & 16 ) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **A**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ – 2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે.
   ભાગ-**IV** : ભાષા-**I** (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ-**V** : ભાષા-**II** (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ-**IV** માં ભાષા-I માટે 30 પ્રશ્ન અને ભાગ-V માં ભાષા-II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા-I અને/અથવા-II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ-V(ભાષા-II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા-I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં): ____________________

અનુક્રમાંક : અંકોમાં : ____________________

: શબ્દોમાં : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં): ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

**ભાગ–IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી ભાષા–I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted **GUJARATI** as **Language-I** only.

## PART-IV

## LANGUAGE-I

## GUJARATI

| સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |
|---|

**નીચેનો ફકરો વાંચીને એમાંથી પૂછાયેલા પ્રશ્નના જવાબ લખો (પ્ર. 91 થી 99).**

નિરાશાવાદ આજનો વ્યાપક વાદ છે. માનવમહેરામણમાં શુદ્ધ, પ્રસન્ન્તાસભર, પોતાની વર્તમાન સ્થિતિથી પ્રસન્ન માણસો ઓછા મળે છે. ભૌતિકતાવાદ તથા ઉપભોક્તાવાદની સાથે નિરાશાવાદ પણ વિસ્તરવા લાગ્યો છે. ચોતરફ ધનની બોલબાલા છે. ધનકેન્દ્રી સમાજમાં વસુ વિના નર પશુ છે. ધન એ સંપત્તિ નથી, ગુલામીની દેવી છે. આવા વલણ માટે જવાબદાર બે મુદ્દા છે. એક, વ્યક્તિએ કરેલી સુખની વ્યાખ્યા ને બીજું, પોતા તથા ઈશ્વર પ્રત્યેનું વ્યક્તિનું વલણ. માણસ અને પ્રાણીમાં મૂળભૂત તફાવત એ છે કે માણસ વિચારી શકે છે, હકારાત્મક રીતે અને નકારાત્મક રીતે પણ. મોટે ભાગે બીજી રીત એને વધુ અનુકૂળ આવે છે. અને તેથી તેની પાસે ફરિયાદોનો અંબાર હોય છે. પોતાની પરિસ્થિતિ, પોતાનો દેખાવ, સ્વજનો, સહકર્મીઓ, વ્યવસાય અને સમગ્ર દુનિયા સામે એને ફરિયાદ હોય છે. પોતાની તકલીફો માટે દુનિયા જવાબદાર છે અને પોતાનો વ્યવહાર સર્વથા ઉત્તમ જ છે, તેને અન્યાય થઈ રહ્યો છે તેમ વિચારી તે હતાશ થઈ અવસાદ નામના રોગ સાથે દોસ્તી બાંધે છે અને સાથ આપવા પછી અન્ય વ્યાધિઓ આવી પહોંચે છે. પૈસાથી સુખ મળે એમ માનનાર ખાંડ ખાય છે.

ઘણીવાર આપણી ઉપલબ્ધિઓથી આપણે અજાણ હોઈએ છીએ. આપણી ખૂબીઓથી અજ્ઞાત રહેતા હોઈએ છીએ. સમગ્ર સૃષ્ટિમાં તમારી આસપાસના પર્યાવરણનું રસપૂર્વક અવલોકન કરી જુઓ. સૃષ્ટિના નાનામાં નાના જંતુને ઈશ્વરે તેના રક્ષણ માટે કંઈક ને કંઈક પ્રદાન કર્યું છે. માનવી તેનું શ્રેષ્ઠ સર્જન છે. પ્રત્યેકને કંઈક વિશેષ લાયકાતથી નવાજ્યાં છે. સાથે વિચારશક્તિ તથા સૂઝ આપ્યા છે. પરંતુ આપણે જે નથી મળ્યું તેના રાહેણાં રડતા થાકતા નથી, ને જે મળ્યું છે તેનો આનંદ માણતાં નથી. સુખની વ્યાખ્યાની વાત કરીએ તો આપણી પાસે જે ન હોય તે હોવાની કલ્પનાને આપણે સુખ કહીએ છીએ. બધું જ મળે પછી પણ સુખ તો હાથતાળી દેતું જ રહે છે. મહેનત કરી ગાડું ગબડાવતો, ફળિયામાં નિશ્ચિત ભાવે અલકમલકની વાતો કરતો શ્રમજીવી પણ સુખનો અનુભવ કરી શકે. આરામપ્રિયતાએ અગવડો વેઠવાની ક્ષમતા ઘટાડી દીધી છે. આપણે ભપકામાં સુખ શોધતા થઈ ગયા છીએ. માનસિક સુખ સ્થાવર છે, જો મન પ્રસન્ન હોય તો કોઈપણ પરિસ્થિતિ આનંદ આપી શકે. પ્રકૃતિ પાસે મનને શાતા બક્ષવાના અનેક સ્રોતો છે. પરંતુ આપણે કૃત્રિમ સ્રોતો પાછળ ભાગીએ છીએ.

**91.** 'ચોતરફ' શબ્દ ક્યો સમાસ છે તે ઓળખી બતાવો.

(1) ઉપપદ (2) કર્મધારય (3) દ્વિગુ (4) દ્વંદ્વ

**92.** મનુષ્યની સુખની વ્યાખ્યા કેવી છે?

(1) સંપત્તિવાન હોવું તે
(2) સમૃદ્ધ હોવું તે
(3) આપણે જેનાથી વંચિત હોઈએ તેની કલ્પના
(4) સુખ એટલે પરિવારનું સુખ

**93.** અવસાદની સાથે કઈ બીજી ચીજોનું આગમન થાય છે?

(1) સમૃદ્ધિનું (2) વ્યાધિઓનું (3) સગવડોનું (4) પ્રકૃતિનું

**94.** આપણે બહુધા શેનાથી વાકેફ નથી હતો?

(1) પાડોશીઓથી
(2) ઉપલબ્ધિ અને ખૂબીઓથી
(3) પરિવારથી
(4) પ્રકૃતિથી

95. મનુષ્યને કઈ વિચારપદ્ધતિ વધુ આનુકૂળ છે?
(1) સ્વાર્થપરાયણ (2) ધાર્મિક (3) નકારાત્મક (4) વિધેયાત્મક

96. 'ધન એ સંપત્તિ નથી, ગુલામીની દેવી છે'- આ વાક્યમાં પ્રયુક્ત અલંકાર ઓળખાવો.
(1) રૂપક (2) વર્ણાનુપ્રાસ (3) અપહ્નુતિ (4) ઉપમા

97. 'સ્થાવર' શબ્દનો વિરોધાભાસી શબ્દ શોધી કાઢો.
(1) યાયાવર (2) અણવર (3) રાયવર (4) જંગમ

98. 'ખાંડ ખાય છે' એ કેવો પ્રયોગ છે?
(1) રૂઢિપ્રયોગ (2) ભાવે પ્રયોગ (3) વિપ્રયોગ (4) વિનિયોગ

99. 'વસુ વિના નર પશુ' એ વાક્યની વિશેષતા જણાવો.
(1) કહેવત (2) પ્રાસાનુપ્રાસ (3) અંત્યાનુપ્રાસ (4) વિપ્રયાસ

**નીચેનું કાવ્ય વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નના જવાબો આપો. (પ્ર. 100 થી 105)**

તાત તુજ જ્યોત નિર્મલ જગે ઝળહળે,
મનુજના દિલદિલે દીપ તારો જલે,
જીવનની વેલ નવપલ્લવે પાંગરે,
સર્વ માંગલ્ય તુજ સાધનાના બળે.
તેં પીધાં ગરલ, આપ્યાં જગતને અમી,
સત્ય વિજયી થયું, પાપ-ચાંધી શમી,
વિસ્તરી આત્મની શાંત નિર્મલ પ્રભા.
માનવી-હૃદયની તપ્ત જે આબોહવા
તાત તારે પદે નમ્ર હો વંદના,
તુજ આદેશની મૂક આરાધના.
આવી વય બદલી જાણે પરીઓ
ભીંજવી તેં કીધી આર્દ્ર કરુણાજલે.

100. પિતાના ચરણોમાં શું કરવામાં આવે છે?
(1) સાધના (2) આરાધના (3) ઉપાસના (4) વંદના

101. 'ગરલ' શબ્દનો વિરોધાભાસી શબ્દ ઓળખાવો.
(1) તરલ (2) સરલ (3) વરલ (4) અમૃત

102. નિઃશબ્દ ઉપાસના શેની કરવામાં આવે છે?
(1) પિતૃઆજ્ઞાની (2) સત્યની (3) કરુણાની (4) જયોતની

**103.** 'આબોહવા' શબ્દ ક્યો સમાસ છે?

(1) તત્પુરુષ (2) કર્મધારય (3) ઉપપદ (4) દ્વંદ્વ

**104.** 'આવી વય બદલી જાણે પરીઓ' માં પ્રયુક્ત અલંકાર શોધો.

(1) અનન્વય (2) ઉત્પ્રેક્ષા (3) ઉપમા (4) રૂપક

**105.** ઝળહળતી પિતૃજ્યોત કવિને કેવી લાગે છે?

(1) નિર્મળ (2) કોમળ (3) ચંચળ (4) સફળ

**106.** એક બાલિકા ઘણા બુદ્ધિમંથન પછી પણ એક ફકરો લખી શક્તી નથી, પરંતુ શિક્ષક કે અન્ય પુખ્ત પરિચિતના માર્ગદર્શન તળે લખી શકે છે. આ માર્ગદર્શનને શું કહેવાય?

(1) સ્કેફોલ્ડિંગ (2) સૂક્ષ્મ શિક્ષણ (3) સૂક્ષ્મ માર્ગદર્શન (4) જૂથ શિક્ષણ

**107.** નીચેનામાંથી કઈ બાબત એવી છે જેના માટે બાળકને ઉચ્ચસ્તરીય મનોમંથન કરવાની કે કુશાગ્રતા કે તર્કશક્તિ પ્રયોજવાની જરૂર પડે?

(1) મૌખિક શિક્ષણ (2) અભિગમ શિક્ષણ (3) મોટર સ્કિલ શિક્ષણ (4) સંરચના શિક્ષણ

**108.** એક શિક્ષક તરીકે તમે વિદ્યાર્થીના સમગ્ર ભાષા ઉપયોગની કદર કરો છો. વિદ્યાર્થીની જોડણીભૂલો પણ અવગણો છો. આ રીતે તમે વર્ગમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરો છો ?

(1) સમગ્ર ભાષા (2) પ્રત્યાયનકેન્દ્રી (3) રચનાવાદી (4) સંરચનાવાદી

**109.** તમે એક હિંદીભાષી શિક્ષક છો જેને પંજાબની એક પ્રાથમિક શાળામાં નોકરી મળી છે. જો તમને સ્થાનિક ભાષા ન આવડતી હોય તો તમારે શું કરવું જોઈએ?

(1) હિન્દીભાષી ક્ષેત્રમાં બદલી કરાવવા માટે અરજી કરવી

(2) બાળકની ભાષાનો સંસાધન તરીકે ઉપયોગ કરી ને ભણાવવાની શરૂઆત કરવી

(3) અંગ્રેજીમાં વાતચીત કરવી

(4) સ્થાનિક સમુદાયને હિન્દી શીખવાની પ્રેરણા આપવી

**110.** પાઠમાંથી કોઈએક ચોક્કસ માહિતી પ્રાપ્ત કરવા માટે પાઠના સૂક્ષ્મ કે સઘન વાંચનના કૌશલ્યની જરૂર પડે એવા આકલનને શું કહેવાય?

(1) જાગતિક (2) સ્થાનિક (3) ઈન્ફરેન્શિયલ (4) મૂલ્યાંકનકેન્દ્રી

**111.** ભાષા શિક્ષણમાં નિદાનાત્મક કસોટીનો શો ઉદ્દેશ છે?

(1) સમાટિવ મૂલ્યાંકન માટે પ્રશ્નો તૈયાર કરવાનો

(2) વાલીઓ સાથેની બેઠકમાં એમને આ અંગે માહિતી આપીને એમને ધ્યાન આપવા માટે કહવોનો

(3) વિદ્યાર્થીઓની સમજણમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા માટે જરૂરી પગલા લેવાનો

(4) વિદ્યાર્થીઓના પ્રગતિપગકમાં એનો ઉપયોગ કરવાનો

**112.** પાઠ્યપુસ્તક વિશે નીચેનામાંથી ક્યુ વિધાન સાચું છે?

(1) શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે એ અંતિમ છે (2) એના થકી પાઠ્યક્રમમાં નિર્ધારિત કરેલું લક્ષ્ય મેળવી શકાય છે

(3) શૈક્ષણિક સત્રની પ્રવૃત્તિઓની એ યોજના છે (4) પાઠ્યપુસ્તકનું સ્થાન અવિચળ છે

**113.** નીચેનામાંથી કઈ પ્રેક્ટિસ દ્વારા શિક્ષક બાળકોને બોલાતી ભાષાના વિકાસમાં મદદરૂપ થઈ શકે?

(1) શિક્ષક સાથે મળીને પાઠનું સમૂહવાચન (2) કવિતા યાદ કરીને તેનું સમૂહપઠન

(3) રોલ પ્લેમાં સહભાગિતા (4) અપરિચિત અથવા નવા શબ્દોના સાચા ઉચ્ચારોની પ્રેક્ટિસ

**114.** 'ભાષા સ્વતંત્ર કે સ્વાધીન છે' અને આપણે કહી એ ત્યારે આપણે શું ઈંગિત કરવા ધારીએ છીએ?

(1) ભાષાના અર્થ અને શબ્દ વચ્ચે એક ચોક્કસ આંતરસંબંધ છે

(2) શબ્દ અને અર્થ વચ્ચે કાર્યકારણનો સંબંધ છે

(3) ભાષાના શબ્દ અને અર્થ વચ્ચે આંતરસંબંધ નથી

(4) ભાષા પૂર્વનિર્ધારિત સિદ્ધાંતોને અનુસરે છે

**115.** વ્યાકરણ શિક્ષણના નિગમનાત્મક અભિગમમાં એમ સૂચવાયું છે કે આપણે સૌપ્રથમ __________.

(1) ઉદાહરણો પ્રસ્તુત કરવા જોઈએ

(2) નિયમો શીખવવા જોઈએ

(3) સાચું પ્રત્યાયન શીખવવું જોઈએ

(4) પ્રેક્ટિસ અને વ્યાયામ ઉપલબ્ધ કરાવવા જોઈએ

**116.** હકીકતોની ઉપરવટ જઈને કલ્પના કે અનુમાન કરવાનો એક પ્રકાર એટલે .....

(1) સ્પષ્ટીકરણ (2) વિશ્લેષણ (3) ઈન્ટરફેસ (4) જ્ઞાનમૂલ્ય

**117.** ભાષાશિક્ષકે વિદ્યાર્થીઓને મુક્ત લેખન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ કેમ કે એનાથી?

(1) વિદ્યાર્થીઓને રચનાત્મક રીતે અને ધારાપ્રવાહ લખવા માટે પ્રોત્સાહન મળે છે

(2) લખવાની કે નહીં લખવાની સ્વતંત્રતા મળે છે

(3) વિદ્યાર્થીઓને ન લગવું જોઈએ કે એમને વધુ પડતું લખવું પડે છે અથવા વધુ કે પૂર્ણ ચોકસાઈ જરૂરી છે

(4) વિદ્યાર્થીઓ પોતાની પ્રથમ ભાષાના ગુણલક્ષણો વિધિત ભાષામાં ઉમેરી શકે છે

**118.** પાંચમા ધોરણવા શિક્ષક તરીકે તમે વિદ્યાર્થીઓને પાઠ બરાબર વાંચી જવાનું કહો છો અને પછી પૂર્વાપર સંદર્ભ સાથે પ્રશ્નોના જવાબો આપવાનું કહો છો. આ દ્વારા તમે બાળકોને શેના માટે પ્રોત્સાહિત કરો છો ?

(1) વિસ્તૃત વાચન (2) સ્કેનિંગ (3) સ્કીમીંગ (4) સઘન વાચન

**119.** ભાષાસંપ્રાપ્તિ ત્યારે જ થઈ શકે, જ્યારે....

(1) બાળકને વ્યાકરણનિયમો ભણાવવામાં આવે

(2) બાળકોને અનુવાદની પ્રેક્ટિસ કરાવવામાં આવે

(3) બાળકને વાંચનની તક આપવામાં આવે

(4) બાળકને ભાષાપ્રયોજનની મહત્તમ તક કે અવકાશ મળે

**120.** માતૃભાષાની વર્ગખંડમાંથી બાદબાકી એ નીચેનામાંથી કઈ પદ્ધતિનું લક્ષણ છે?

(1) નૈસર્ગિક (2) દ્વિભાષી (3) ઓડિયોલિંગ્વલ (4) પ્રત્યક્ષ

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત ગુજરાતી **ભાષા-II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted **GUJARATI** as **Language-II** only.

## PART-V

## LANGUAGE-II

## GUJARATI

સૂચના : ભાગ-V (પ્ર. 121 થી 150 ) ફક્ત ગુજરાતી ભાષા-II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચીને એમાંના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 121 થી 128)**

તમારે સૌનો પ્રેમ જીતવો હોય તો ટીકાકાર બનશો જ નહિ. જો તમે સંપૂર્ણ ન હો તો બીજાના દોષ જોવાનો તમને અધિકાર નથી. અને ધારો કે તમે દોષરહિત છો તો પણ અન્યની ટીકા કરતા રહેવું એ ઈચ્છનીય નથી. જગતમાં આપણે બધા જ માનવીઓ છીએ અને માનવતા પણ જગતમાં રહેલી છે. તો પણ આપણામાંના ઘણા એકબીજાથી ભય પામીએ છીએ. જગત આપણા સૌને માટે છે અને આપણે સૌએ આપસમાં એકબીજાને મિત્ર સમજવા જોઈએ અને એકબીજાને ચાહવા જોઈએ. આ જગત વિશાળ છે. એમાં હસવા, ખેલવા માટે પૂરતો અવકાશ છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિને પસંદ કરતા નથી ત્યારે બીજાઓ સમક્ષ એ વ્યક્તિ વિશે ખરાબ બોલવા માંડીએ છીએ. જો કોઈ વ્યક્તિ આપણા જેવી નથી હોતી તો તેનું સૌથી મુખ્ય કારણ એ છે કે આપણે પણ તેમના જેવા નથી હોતા. આપણે એકબીજાને સારી રીતે ઓળખવા જોઈએ. અધિક સહિષ્ણુ બનવું જોઈએ. અધિક ઉદાર, વધુ સહાયક અને લેવા કરતાં આપવાની ટેવ પાડવી જોઈએ. એકબીજાને મદદરૂપ બની શકીએ એવી ટેવ પાડવી જોઈએ. એકબીજાને પ્રેમ કરી શકીએ અને એકબીજાના જીવનને વધુ સુંદર બનાવી શકીએ એવો વર્તાવ રાખવો જોઈએ. પ્રારંભ પોતાના પ્રિય પરિવારથી કરો અને તેનું પરિણામ જુઓ. તમારા કુટુંબની પ્રત્યેક વ્યક્તિને પ્રેમથી ચાહવા લાગો. તેમની વાત શાંતિથી સાંભળો. તેમને કોઈ અગવડ હોય, કોઈ દુઃખદર્દ હોય તો સહાનુભૂતિ વ્યક્ત કરો. તેમને આશ્વાસન આપો. દુઃખ-દર્દમાંથી તેમનો છૂટકારો અવશ્ય થશે જ એવી આશા આપો. તમારા એવા પ્રેમાળ વર્તાવથી તમારું કુટુંબ તમને હૃદયથી ચાહવા લાગશે. આ જ પ્રમાણેનો વર્તાવ તમારા મિત્રમંડળમાં કરજો. તમારા આશ્ચર્ય વચ્ચે તમે જોશો કે એમ કરવાથી તમારું મિત્રમંડળ ઝડપથી વધવા માંડશે. તમને તેઓ હૃદયથી ચાહશે. તમારો આદર કરશે અને તમને આવકારશે. આ જગત તમે માનો છો એટલું ખરાબ નથી. ઠેરઠેર ભલમનસાઈ, માનવતા પડેલી છે જ એ તમે ક્યારેય ભૂલશો નહિ. તમારો સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર એ દીવાદાંડી છે.

**121.** 'પ્રારંભ પોતાના પ્રિય પરિવારથી.....' વાક્યમાં તમારા મતે ક્યો અલંકાર પ્રયોજવામાં આવ્યો છે?

(1) વર્ણાનુપ્રાસ (2) ઉત્પ્રેક્ષા (3) રૂપક (4) દૃષ્ટાંત

**122.** 'કુટુંબ' શબ્દનો પર્યાયવાચી શબ્દ જણાવો.

(1) કબીલો (2) પરિવાર (3) સમુદાય (4) સમાજ

**123.** બહુધા લોકો પરસ્પરથી શું થાય છે?

(1) અલગ (2) ભયભીત (3) ઈર્ષાખોરી (4) શત્રુતા

**124.** 'ટીકાકાર બનશો જ નહિ' માં કેવો પ્રયોગ છે?

(1) નિષેધવાક્ય (2) વિધેયવાક્ય (3) નિપાતપ્રયોગ (4) ભાવે પ્રયોગ

**125.** અન્ય નિંદાનો હક ક્યારે નથી મળતો?

(1) અપૂર્ણ હોઈએ તો (2) વડીલ હોઈએ ત્યારે (3) જાહેરસભામાં (4) પરિવારમાં

**126.** દોસ્તોની સંખ્યામાં વૃદ્ધિ ક્યારે થશે?

(1) શાળાકાળમાં (2) કૉલેજકાળમાં (3) ખેલકૂદમાં (4) પ્રેમાળ વર્તાવથી

**127.** 'દીવાદાંડી' કેવો સમાસ છે?

(1) ઉપપદ (2) દ્વિગુ (3) તત્પુરુષ (4) મધ્યમપદલોપી

**128.** વિશ્વ આપણી કઈ માન્યતાથી વિપરીત છે?

(1) ખરાબ હોવાની (2) સંકુલ હોવાની (3) સંકુચિત હોવાની (4) અવ્યાપ્ત હોવાની

**નીચેના ફકરામાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 129 થી 135)**

આપણી નબળી પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવા માટે હાસ્યના હાથ લાંબા હોવાથી કામ આવી શકે. તેથી જ જો આપણે વારંવાર હસવાની આદત પાડી હશે તો આ નબળી ક્ષણોનો હિંમતથી સામનો કરી શકીશું.

કેટલાક સહજતાથી હસી શકે છે. કેટલાકને હસવામાં અપમાન જેવું લાગે છે. માટે પણ પ્રયાસ કરવો પડે છે, તો કેટલાક હસવાનું હોય ત્યાં પણ હસી શકતા નથી. ખડખડાટ હસી શકનાર માણસ આજીવન તંદુરસ્ત હોય છે. તેને મહદઅંશે માંદગી આવતી નથી. ને આવે તો તે ઝડપથી સાજો થઈ શકે છે. કોઈક ખિજવાય તો પણ તે હસી કાઢે, ધાર્યા કરતાં થોડુંક ઓછું મળ્યું , ફર્સ્ટ કલાસ માર્કસ ધારેલા પણ સેકન્ડ કલાસ આવ્યો તો પણ હસે. માણસ માત્ર ભૂલને પાત્ર. રસ્તામાં ચાલતાં ચાલતાં પડી જાય તોય હસે, કે ઑફિસમાં પણ ઉટપટાંગ હરકતો કરીને પોતે તો હસે, પણ બીજાને પણ હસાવે. બીજાઓ તેમની મશ્કરી કરે, તો પણ તેઓ ખિજાય નહિ. હસી કાઢે. આ માણસ મૂર્ખ નથી. કદાચ સૌથી હોશિયાર માણસ છે. તે જાણે છે કે, ખરાબ પરિસ્થિતિનાં રોદણાં રડવાથી કંઈ તેનો ઉકેલ આવવાનો નથી. હસતા રહેવાથી કશુંક સૂઝશે પણ ખરું. પણ રડવાથી કંઈ જ જોઈ શકાશે નહિ. આ માણસ જીવનને સમજી શક્યો છે. હસાવી શકે એવી ક્ષણોને પકડતાં આવડવું જોઈએ. જો આવી રમૂજભરી ક્ષણ ઊભી ન થાય તો આપણે પ્રયત્નપૂર્વક સર્જવી જોઈએ. હસવાનું તો છે જ. આપણા કામની યાદીમાં આપણે હાસ્યને પણ એક પ્રવૃત્તિ ગણી છે. માટે હસો, બીજાઓને પણ હસાવો. ઉદાસ માણસો સાથે મહદઅંશે કોઈ રહેવાનું પસંદ કરતું નથી. હસવા માટે જો જીવનશૈલી બદલવી પડે તો એ પણ બદલો. જો તમને હસતાં આવડતું હોય તો તમને ક્યારેય તાણનો અનુભવ ન થાય, તમે કદી નિરાશા કે હતાશાનો અનુભવ કરો નહિ, તમે કદી અકાળે વૃદ્ધ બની જાઓ નહિ. તમને જો હસતાં આવડતું હોય તો તમે આખો દિવસ તાજગીનો અનુભવ કરતા રહો, અનુકરણ કરવા યોગ્ય રહો.

**129.** શેનું સર્જન આપણે સાયાસ કરવું જોઈએ?

(1) તાજગીનું (2) સફળતાનું (3) રમૂજપૂર્ણ પળોનું (4) અનુકરણનું

**130.** 'અનુકરણ કરવા યોગ્ય' માટે એક શબ્દ આપો.

(1) નકલકાર (2) મિમિક્રી (3) શૈલીકાર (4) અનુકરણીય

**131.** 'અપમાન જેવું લાગે' વાક્યમાં પ્રયોજિત અલંકાર ઓળખાવો.

(1) ઉપમા (2) ઉત્પ્રેક્ષા (3) રૂપક (4) અનન્વય

**132.** 'માણસ માત્ર ભૂલને પાત્ર' એટલે શું છે?

(1) નિષેધવાક્ય (2) રૂઢિપ્રયોગ (3) સમાસવૈશિષ્ટ્ય (4) કહેવત

**133.** 'હાસ્યના હાથ લાંબા હોવાથી' માં ક્યો પ્રયોગ છે?

(1) સજીવાલંકાર (2) રૂઢિપ્રયોગ (3) રમૂજ (4) લોકરંજકતા

**134.** 'તંદુરસ્ત' શબ્દનો વિરોધાભાસી શબ્દ ઓળખો.

(1) મનદુરસ્ત (2) બીમાર (3) સ્વસ્થ (4) દુરસ્ત

**135.** રુદન થકી શું વિપરીત અસર થશે?

(1) તાજગી નહી મળે
(2) કંઈ જ જોઈ શકાશે નહી
(3) ઉકેલપ્રાપ્તિ
(4) અપમાનિત

**136.** ભાષાકીય પ્રભુત્વ વિદ્યાર્થીઓને શેના માટે સક્ષમ બનાવે છે?

(1) વ્યાકરણની દૃષ્ટિએ સાચા અને ખોટા વાક્યો ઓળખતા
(2) વ્યાકરણશુદ્ધ ન હોય તો પણ ધારાપ્રવાહ વાક્યો બોલતા
(3) ભાષાનો સમુચિત ઉપયોગ ક્યાં અને ક્યારે કરવો તે
(4) અંગ્રેજીનો મહત્તમ ઉપયોગ કરવા માટે

**137.** પ્રાથમિક સ્તરે શિક્ષક મોટેભાગે બાળકોને રંગકામ અને ચિત્રકામ માટે પ્રોત્સાહિત કરે છે કેમ કે તેના થકી __________.

(1) બાળકો વ્યસ્ત રહે અને વર્ગમાં શાંતિ જળવાય
(2) ફાઈન મોટર સ્કિલનો વિકાસ થાય
(3) બાળકોનું મનોરંજન થાય
(4) શિક્ષકને શિક્ષણકાર્યમાંથી રાહત મળે

**138.** બાળકો પ્રભાવશાળી ઢબે ભાષા ત્યારે શીખી શકે જ્યારે __________.

(1) ભાષાશિક્ષક નિપુણ હોય
(2) પાઠયપુસ્તક સાદું હોય
(3) આદત હોય
(4) પ્રોત્સાહન હોય

**139.** શિક્ષિકા વર્ગમાં જૂથચર્ચા અને જોડીદારો સાથેની વાતચીતને પ્રોત્સાહન આપે છે. જોડણી અને ઉચ્ચારોની શુદ્ધિ અંગે તે ઉપેક્ષા સેવે છે. શિક્ષિકા ક્યા અભિગમનો ઉપયોગ કરી રહી છે?

(1) પરંપરાગત
(2) ઈકલેક્ટિક (ઉપદેશાત્મક)
(3) ઢાંચાગત
(4) નિર્માણાત્મક

**140.** શિક્ષક તરીકે તમને જાણ થાય કે પાઠમાંની ભાષા વિદ્યાર્થીઓ માટે કઠિન છે તો તમે ભાષાને સરળ બનાવીને સામગ્રીમાં પણ જરૂરી ફેરફાર કરો છો. તમે કરેલી આ પ્રવૃત્તિને શું કહેશો?

(1) એડોપ્ટિંગ (સ્વીકૃતિ)
(2) રૂપાંતર
(3) મૂલ્યાંકન
(4) સમીક્ષા

**141.** રાજુ અને સ્કૂલે જઈ રહ્યો હોવાથી ખુશ છે. એવા પરિવારમાંથી શાળાએ જનાર એ પહેલો છે. એવા પરિવારમાંથી એવા માતાપિતા સહિત કોઈએ શાળામાં પ્રવેશ લીધો નથી. આ રીતે રાજુ __________ વિદ્યાર્થી છે.

(1) પ્રથમ પેઠીનો (2) બીજી પેઢીનો (3) હાંસિયાગ્રસ્ત (4) લઘુમતિ

**142.** તમે જુઓ છોકે પાઠયપુસ્તકનો પ્રારંભ જોડકણાં અને ચિત્રવાર્તાથી થાય છે અને અંત મૂળાક્ષરોથી થાય છે. ભાષાપધ્ધતિશાસ્ત્રના ક્યા અભિગમમાં આ વ્યવસ્થા હોય છે?

(1) ઉર્ધ્વમૂલ અભિગમ (2) અધઃમૂલ અભિગમ

(3) ઉપદેશાત્મક અભિગમ (4) કલાત્મક અભિગમ

**143.** ભાષા વ્યવસ્થિત પ્રેક્ટિસ વિના નૈસર્ગિક રીતે જ શીખવામાં તો તેને શું કહેવાય?

(1) વિદ્વતા (2) સંપ્રાપ્તિ (3) સ્વીકૃતિ (4) શીખવું

**144.** વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓ સામૂહિક રૂપે અથવા જોડી કે જૂથમાં મળીને ઉકેલે એ કઈ પદ્ધતિનું ગુણલક્ષણ છે?

(1) પ્રત્યાયનકેન્દ્રી ભાષાશિક્ષણ (2) વર્તનવિજ્ઞાનકેન્દ્રી અભિગમ

(3) સમગ્ર ભાષા અભિગમ (4) સંરચનાત્મક અભિગમ

**145.** પર્યાવરણ વિશેના એક પાઠઆયોજન કરતી વખતે તમારું પ્રથમ ચરણ ક્યુ હશે?

(1) ભૂમિકારૂપ પ્રશ્નોની તૈયારી (2) મુદ્દાનું વારંવાર સઘન અધ્યયન

(3) શૈક્ષણિક સાધનોની પસંદગી (4) હેતુનિર્ધારણ

**146.** શિક્ષિકા વિદ્યાર્થીઓને ' પાણી' વિશે ફકરો લખવા કહે છે વિદ્યાર્થીઓ પોતે વિજ્ઞાનના અને સમાજવિજ્ઞાનના વર્ગમાં શું શીખ્યા હતા એની ચર્ચા કરે છે, પછી લખવાનું શરૂ કરે છે. આ શેનું ઉદાહરણ છે?

(1) વપરાતી ભાષા (2) વિજ્ઞાનની ભાષા

(3) પાઠયક્રમની ઉપરવર ભાષા (4) પ્રત્યાયનકેન્દ્રી અભિગમ

**147.** તમારો જન્મ અને ઉછેર હિન્દીભાષી ક્ષેત્રમાં થયો છે જ્યાં બધાં હિન્દી બોલે છે અને તમે પણ શાળાએ ગયા વિના જ હિન્દીનો ઉપયોગ કરી શકો છો. શાળાએ ગયા પછી તમે અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી અને ઉર્દુ શીખો છો. હવે તમે અંગ્રેજી ધારાપ્રવાહ બોલી શકો છો. તમારી પ્રથમ ભાષા કઈ ગણાશે?

(1) અંગ્રેજી (2) હિન્દી (3) ઉર્દુ (4) સંસ્કૃત

**148.** શિક્ષિકા વર્ગમાં છત્રી, રેઈનકોટ, સ્ક્રુ ડ્રાઈવર વગેરે લાવે છે. અને વિદ્યાર્થીઓને આ વસ્તુઓનું વર્ણન બે-ત્રણ શબ્દોમાં કરવાનું કહે છે. આ સામગ્રી માટે પારિભાષિક સંજ્ઞા કઈ છે?

(1) લેંગ્વેજ ઈનપુટ (2) શૈક્ષણિક સાધનો (3) સાધનો (ટૂલ્સ) (4) રિઅલીયા

149. વર્ગમાં કાળ ભણાવવા માટે તમે એક જ વ્યક્તિના બે ફોટાનો ઉપયોગ કરો છો. જેમાંનો એક 15 વર્ષ પહેલાનો અને બીજો હમણાંનો છે. તમે એ વ્યક્તિના ભૂતકાળ અને વર્તમાન વિશે વાત આરંભો છો અને એવા દેખાવ, આદતોની ચર્ચા કરો છો. તમે શેનો ઉપયોગ કરો છો?

(1) સૂચનાકેન્દ્રી વ્યાકરણ (2) ઢાંચાગત વ્યાકરણ

(3) પદ્ધતિશાસ્ત્રીય વ્યાકરણ (4) નિયમ આધારિત વ્યાકરણ

150. એક ચોક્કસ વર્ગ કે પાઠયક્રમના અંતે વિદ્યાર્થીઓ જે ભાષા, કૌશલ્યો અને વલણનું શિક્ષણ પ્રાપ્ત કરે માટે નીચેનામાંથી ક્યુ વિધાન ઉપયુક્ત છે ?

(1) શિક્ષણની ફળશ્રુતિ (2) શિખવાની ફળશ્રુતિ (3) સાક્ષરતા ફળશ્રુતિ (4) બુનિયાદિ સાક્ષરતા ફળશ્રુતિ

- o O o -

SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-**2** માં એક જ વર્તુળને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે પરીક્ષાર્થીનું પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થીએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન હાજરીપત્રકમાં આપેલ નિયત સ્થાન પર અચૂક કરવાનું રહેશે.**
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. ***પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue / Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***